# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૯/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'ગુડ ગવર્નન્સ' વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૮ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ગુડ ગવર્નન્સ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વડોદરાના જાણીતા મોટીવેટર શ્રી નિર્મલ પારેખ, શ્રી હરીશંકર તોસનીવાલ અને મોટીવેટર એન્ડ ટ્રેનર તથા ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ અનુક્રમે પીપલ મેનેજમેન્ટ, ફાયનાન્સ અને એડમિનિસ્ટ્રેશન વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે ગુડ ગવર્નન્સ આદિકાળથી થઇ રહયુ છે. લોકોના બહોળા હિતમાં સત્તાનો ઉપયોગ કરવામાં આવે એ જરૂરી છે. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમણે કહયુ હતુ કે, ૨૧મી સદીમાં બદલાતા પ્રવાહોમાં બદલાવવું પડશે.

શ્રી નિર્મલ પારેખે લીડરશિપ ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ. લીડરશિપ જ બદલાવ લાવે છે. કોઇપણ સંસ્થામાં વ્યકિત પાસે કામ કરાવવાની, કામને એન્જોય કરાવવાની આવડત, વ્યકિતનો વિકાસ અને તેને ટકાવી રાખવાની આવડત પણ લીડરશિપ જ કરી શકે છે. કોઇપણ સંસ્થામાં દિશાસૂચન કરનારી વ્યકિત મહત્વની હોય છે. સારા લીડર જ નેતૃત્વ અને વ્યકિતત્વ વચ્ચેના ગેપને પુરો કરે છે. લીડર એ સંસ્થાની સાથે પોતાને સાંકળી લે છે અને દરેક પ્રકારની વ્યકિતને સ્વીકારી તેમની પાસેથી કામ કરાવે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે એક જ પ્રકારની લીડરશિપ બધા સાથે ચાલી ના શકે. અમુક વ્યકિતઓ પાસે બુદ્ધીમત્તાથી, અમુક પાસે રિવોર્ડ – પ્રમોશન થકી, કેટલાક પાસેથી ભય થકી તો કેટલાક પાસે ડિસ્ક્રીમીનેશનથી

કામ કરાવવુ પડે છે. કવોલિટીનો જમાનો છે એટલે લીડરે વ્યકિતઓની એબીલિટી અને ઈચ્છાશકિતને ધ્યાનમાં રાખીને કામ કરાવવુ પડે છે. લીડરે વ્યકિતઓના ચારીત્ર્ય અને કૌશલ્યને ડેવલપ કરવી પડે છે. તેમણે કહયુ કે સંસ્કારમાંથી સંસ્કૃતિ પેદા થાય છે, સંસ્કૃતિમાંથી ચારીત્ર્ય બને છે અને ચારીત્ર્યમાંથી વ્યકિતત્વ બને છે. વ્યકિત પાસેથી કામ લેવા માટે તેમની ઉપર ગુસ્સો કરવો એ ગુડ ગવર્નન્સ નથી. વ્યકિતઓને શીખવાડવાની સિસ્ટમ ઉભી કરવામાં આવે તો કામ થઇ શકે છે. એવું વાતાવરણ ઉભું કરાય કે નવા લીડર તૈયાર થઇ શકે. ગોલ ઉભા કરી વ્યકિતઓને ટાર્ગેટ આપવા જરૂરી નથી પણ તેઓને સપોર્ટ કરવાની અને કલીયારિટી આપવાની જરૂર છે.

શ્રી હરીશંકર તોસનીવાલે ફાયનાન્સ મેનેજમેન્ટ ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે કેપીટલ જોઇને બેંકમાંથી લોન લેવી જોઇએ. કેપીટલ કરતા વધારે લોન લેવાથી એ સમયસર ચૂકવી નહી શકાતા કંપની બંધ થઇ જવાનો ભય હોય છે. જયાં ગુડ ગવર્નન્સનો અભાવ હોય છે ત્યાં આવુ બની જતુ હોય છે. કેપીટલ કેટલી છે તેની સામે કેટલી લોન લેવી જોઇએ તે ગુડ ગવર્નન્સ જ નકકી કરી શકે છે. ગવર્નન્સ એટલે પ્રોસેસ છે એમાં એથીકસ પણ આવે છે.

શ્રી ધીરેન થરનારીએ જનરલ એડમિનિસ્ટ્રેશન ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, મેનેજમેન્ટ ખૂબ જ મોટો વિષય છે. બાળક ચાલતુ અને બોલતુ થાય ત્યારથી તેનામાં મેનેજમેન્ટની શરૂઆત થાય છે. મેનેજમેન્ટ એ સતત શીખવાનો વિષય છે. બિઝનેસ ઓર્ગેનાઇઝેશનને વ્યવસ્થિત ચલાવવી હોય તો ગુડ મેનેજમેન્ટ કરવુ પડશે. મેનેજમેન્ટ જયારે સિસ્ટમને છોડીને ઇમોશન સાથે જોડાઇ જાય ત્યારે એ અસફળ થાય છે. આથી ગુડ મેનેજમેન્ટ માટે સિસ્ટમને સ્ટ્રીકટ્લી ફોલો કરવી જરૂરી છે.

તેમણે ખુલ્લી આંખે જોયેલા સપનાને સાકાર કરવા માટે સુંદર ધ્યેય બનાવી પ્લાન ઓફ એકશન ઇફેકટીવ બનાવી સફળ થાવ ત્યાં સુધી તેને વળગી રહેવા વિશે સમજણ આપી હતી. તેમણે ગુડ ગવર્નન્સ માટે ટેકનોલોજીના ઉપયોગ ઉપર ભાર મુકયો હતો. સાથે જ ડોકયુમેન્ટ મેનેજમેન્ટ, મેન મેનેજમેન્ટ, ટાઇમ મેનેજમેન્ટ અને પ્રોપર પ્લાનીગ કરી સ્ટાફને પણ એમ્પાવર કરવા પડશે તેમ જણાવ્યુ હતુ.

સેમિનારમાં વકતાશ્રીઓએ લોકોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેમિનારના અંતમાં ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.